ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ભાનુભાઈ એસ દવે
મો. ૮૧૪૦૭ ૬૨૨૬૮



હર્ષ સુમંતભાઈ પ્રિયદર્શી
મો. ૯૬૦૧૬ ૫૮૮૪૧



તરલિકાબેન રમેશભાઈ વ્યાસ
પ્રાથમિક શિક્ષક
મો. ૯૭૨૭૧ ૬૫૩૬૦

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે ડેન્ટલ ચેક-અપ



ગાંધીનગર, તા. ૩

ઈન્ફોસિટી સ્કૂલમાં આજે વિદ્યાર્થીઓના દાંતની તપાસ કરાવવામાં આવી હતી.

અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના ધોરણ-૬થી ૧૦ના વિદ્યાર્થીઓને આ માટે પસંદ કરવામાં આવ્યા હતા. શ્રીજી ડેન્ટલ કેર, સેક્ટર-૭ સી તરફથી ડૉ. અંકુર જે પરમાર, ડૉ. અર્ચિતા વૈષ્ણવ તથા ડૉ. અમી ઉપાધ્યાય દ્વારા આ માટે પોતાની નિષ્ણાત સેવાઓ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને આ તપાસ સંતોષકારક લાગી હતી.

વિદ્યાર્થીઓના હિત માટેના આ અનોખા એવા કાર્યક્રમનું આયોજન શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સર, પ્રમુખ વૈષ્ણવ સર તથા સુપરવાઈઝર દિપ્તી મૅડમ, પ્રવીણા મૅડમના અનુભવી નેતૃત્વ હેઠળ સફળ રહ્યું હતું.

# ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજ ખાતે કારકિર્દી માર્ગદર્શન તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, સૅક્ટર-૨૩ ખાતે સામાજિક વિજ્ઞાન શાખાની ૪૫ જેટલી વિદ્યાર્થીનીઓ માટે કારકિર્દી માર્ગદર્શન તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

એક સપ્તાહના આ તાલીમ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીનીઓએ ઈતિહાસ, ભૂગોળ, બંધારણ, ગણિત, તર્કશક્તિ, ગુજરાતી સાહિત્ય, વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ વગેરેની તાલીમ તજજ્ઞો પાસેથી પ્રાપ્ત કરી હતી. સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીનીઓને સજ્જ કરવાના હેતુસર આ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સામાજિક વિજ્ઞાનના અધ્યાપકોએ વિવિધ સ્પર્ધાઓની તાલીમ વિદ્યાર્થીનીઓને આપી તથા કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડૉ. જયમલભાઈ રંગીયાએ સફળ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તાલીમના અંતે પ્રિન્સિપાલ ડૉ. અમૃતાબેન પ ટેલ અને વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવભાઈ જોષીપુરાએ વિદ્યાર્થીનીઓને શુભકામનાઓ પાઠવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઍરલિફ્ટ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
મસ્તીજાદે (એ)
૧૨.૩૦, ૩.૧૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
ઍરલિફ્ટ
૧૨.૪૫
સાલા ખડૂસ
૩.૦૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
રાત્રે ૧૦.૦૦
મસ્તીજાદે (એ)
૧.૩૦, ૬.૩૦
સાલા ખડૂસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૩.૪૫
મસ્તીજાદે (એ)
૧૦.૦૦
સાલા ખડૂસ
૧૨.૩૦



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજના વરદ હસ્તે સેન્ટ્રલ ઈસ્ટ આફ્રિકામાં, નૈરોબી ખાતે અંધજનો માટેનું સૌપ્રથમ સાયબર કૅફે 'પુરુષોત્તમ કૅફે' શરૂ કરવામાં આવ્યું હતું. અંધ અને બધિર છાત્રો માટે સહયોગી કે બી સંઘાણી સન્સે ૩ લાખ કેન્યા શિલિંગનું દાન પણ કર્યું હતું.

# ખેલ મહાકુંભની કુસ્તી સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલનો સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૩

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે યોજવામાં આવી હતી, જેમાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના ભાઈઓ અને બહેનોએ વિવિધ વિભાગોમાં ભાગ લઈ હાઈસ્કૂલનું અને ગામનું નાન રોશન કર્યું હતું. બે ભાઈઓ અને ૪ બહેનોએ આ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને રાજયકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી લીધી હતી. હરપાલ વાઘેલા, ધાર્મિક ગોસ્વામી, અરૂણ સોલંકી, ધરમજીત વાઘેલા, રાજદીપ વાઘેલા, પ્રદીપ સાધુ, ગાયત્રી વાઘેલા, મોહિની વાઘેલા, અંકિતા વાઘેલા, નિશા પટેલ, કિસ્મત રાણા, હેતલ દેઓલ, કોમલ ડાભી, રીંકલ ઠાકોર વગેરે વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

# ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં આદર્શ નિવાસી શાળાનો સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૩

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની ગ્રામ્ય વિભાગની વિવિધ સ્પર્ધાઓમાં આદર્શ નિવાસી શાળા, નાંદોલના સ્પર્ધકો ૧૬ વર્ષથી ઓછી વયના વિભાગમાં સુંદર દેખાવ કરી વિજેતા બન્યા હતા.

વિક્રમસિંહ જાડેજા ૧૫૦૦ મીટર દોડમાં તાલુકામાં પ્રથમ અને જિલ્લામાં તૃતિય, જીવણ ત્રમટા કુસ્તીમાં ૬૦ કિગ્રા વિભાગમાં પ્રથમ, લાલાભાઈ ભરવાડ કુસ્તીમાં ૫૩ કિગ્રા વિભાગમાં તૃતિય, જુડોમાં સંજય મકવાણા ૪૦ કિગ્રામાં પ્રથમ, ધવલ મીનપરા ૫૩ કિગ્રામાં દ્વિતિય, ગભરૂ સાંબડ ૪૦ કિગ્રામાં તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. પ્રથમ ક્રમે વિજેતા બનેલા સ્પર્ધકો દેવગઢ બારીયા ખાતે આયોજિત રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદગી પામ્યા છે. જિલ્લા નાયબ નિયામક ઠાકરસાહેબ તેમજ શાળાના આચાર્ય બી એસ બારૈયાએ શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ખેલ મહાકુંભની બાસ્કેટ બૉલ સ્પર્ધામાં ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વિતિય સ્થાને

ગાંધીનગર, તા. ૩

ગુજરાત ખેલ મહાકુંભ આયોજિત ગાંધીનગર જિલ્લા બાસ્કેટ બૉલ ટુર્નામેન્ટનું આયોજન એ પી એલ સ્કૂલ, કોબા ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજાની વિદ્યાર્થીનીઓ અન્ડર-૧૩ વિભાગમાં દ્વિતિય ક્રમે વિજેતા બની હતી. આ ટીમની પાંચ વિદ્યાર્થીનીઓ રાજયસ્તરની સ્પર્ધા માટે પણ પસંદગી પામી હતી. શાળાના ટ્રસ્ટી અને શાળા પરિવારે આ સૌ વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# રાજ્યની સ્કૂલ્સમાં ૫૯ બૉર્ડના વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ

ગાંધીનગર, તા. ૩

દેશનાં ૩૯ જેટલાં શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ પાસ કરી ગુજરાતમાં ધોરણ-૧૧માં પ્રવેશ મેળવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓને સ્કૂલોમાં પ્રવેશ આપવામાં આવતા હતો. જોકે દેશમાં બોર્ડની સંખ્યા વધ્યા બાદ તેમના વિદ્યાર્થીઓને પણ ગુજરાતમાં સીધેસીધો પ્રવેશ મળી શકે તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય મુજબ હવે સમગ્ર દેશના ૫૯ જેટલા બોર્ડમાંથી ધોરણ-૧૦ પાસ કરી રાજ્યમાં આવનાર વિદ્યાર્થીઓને સ્કૂલો સીધો પ્રવેશ આપી શકશે. અલબત્ત, સ્કૂલ્સે પ્રમાણપત્રોની ખરાઈ ડીઈઓ કચેરી ખાતેથી કરાવી લેવાની રહેશે. એ પછી અન્ય રાજ્ય કે અન્ય બોર્ડમાંથી ધોરણ-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રજિસ્ટર થયેલી શાળાઓમાં ધોરણ-૧૧માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે.

બોર્ડ દ્વારા અગાઉ ૩૯ જેટલા અન્ય શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓને સીધા જ ધોરણ-૧૧માં રાજ્યની સ્કૂલોમાં પ્રવેશ મળે તેવી વ્યવસ્થા ગોઠવી હતી. જોકે હવે ૫૯ બોર્ડના વિદ્યાર્થીઓને રાજ્યની સ્કૂલોમાં સીધો જ ધોરણ-૧૧માં પ્રવેશ મળશે. આ ૫૯ બોર્ડના વિદ્યાર્થીઓ રાજ્યની સ્કૂલોમાં ધોરણ-૧૧માં પ્રવેશ મેળવવા માટે આવે ત્યારે બોર્ડની કચેરીએથી પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવાની દરખાસ્ત કરવાની જરૂર નથી. આવા વિદ્યાર્થીઓને સ્કૂલો સીધો જ પ્રવેશ આપી શકશે. શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરાયેલા ૫૯ જેટલા શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડમાંના વિદ્યાર્થીઓને સ્કૂલ સીધો પ્રવેશ આપી શકશે નહીં.

વિદેશમાં અભ્યાસ કરીને આવતા વિદ્યાર્થીઓ જો ગુજરાત બોર્ડ સંલગ્ન શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય તો તેમણે બોર્ડનું પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા નિયમો પણ ૨૦૧૪માં બનાવેલા છે અને તમામ સ્કૂલોને મોકલવામાં આવ્યા છે. જેથી વિદેશના વિદ્યાર્થીઓ માટે સ્કૂલોએ જોગવાઈ મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

# સરકારી શાળાઓમાં 'પ્રવાસી' શિક્ષકોની નિમણૂંક માટે કાર્યવાહી

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં મંજૂર શિક્ષકોની સામે ખાલી જગ્યા પર 'પ્રવાસી' શિક્ષકોની નિમણૂક માટેની કાર્યવાહી શરૂ કરાઈ હોવાનું જાણવા મળે છે. તમામ જિલ્લાઓમાં આવેલી ગ્રાન્ટેડ સ્કૂલો પાસેથી શિક્ષકોની ઘટ અંગેની વિગતો એકત્ર કરાઈ રહી છે અને તે મુજબ ડીઈઓ દ્વારા તેમને પ્રવાસી શિક્ષક ભરવાની મંજૂરી આપશે એવા સમાચાર પ્રાપ્ત થયા છે. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યા સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવા માટે પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા લેવાયો હતો. પ્રાથમિકમાં ઉચ્ચક માસિક મહત્તમ માનદવેતન મર્યાદા રૂ. ૭૫૦૦ રહેશે. જ્યારે માધ્યમિક સ્કૂલોમાં ઉચ્ચક માસિક વેતન રૂ. ૧૩૫૦૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં રૂ. ૧૩૭૦૦થી વધે નહીં તે તકેદારી રાખવા સૂચના અપાઈ હતી. સ્કૂલો દ્વારા ડીઈઓ કચેરીને ખાલી પડેલી જગ્યાની માહિતી મોકલવાની રહેશે અને ત્યારબાદ શિક્ષકોની ભરતી માટેની કાર્યવાહી કરવામાં આવશે.





ગરીબોની સેવાને વરેલી ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગાંધી નિર્વાણ દિવસ નિમિત્તે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં ૬ ગામોનાં ૧૦૨ જેટલાં વૃદ્ધ, નિરાધારોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ભાટાઈમાં ૮ વૃદ્ધોને ચોખા આપવામાં આવ્યા હતા. ઘનશ્યામભાઈ વ્યાસ, અતુલભાઈ, દાનાભાઈ ઠાકોર આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# આઈબીએસ દ્વારા આઈ ક્વિઝ યોજાઈ



ગાંધીનગર, તા. ૩

આઈબીએસ અમદાવાદ દ્વારા તા. ૨૯ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ કેમ્પસમાં આઈ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ ક્વિઝનો હેતુ અન્ડર ગ્રેજ્યુએટ્સનાં જ્ઞાનનો ચકાસવાનો અને એકબીજા સાથે સ્પર્ધાત્મકતાના વાતાવરણ દ્વારા શ્રેષ્ઠતાને બહાર લાવવાનો હતો. આઈ ક્વિઝમાં ૧૨૩ ટીમોનાં ૨૪૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ક્વિઝ માસ્ટર સંજય ચક્રવર્તી દ્વારા આ ક્વિઝનું સંચાલન કરવામાં આવ્યું હતું. આઈ ક્વિઝ ૨૦૧૬માં પીડીપીયુના કુ. અંસુરી અને કુ. પ્રણાલી વિજેતા થયા હતા. જીએનએલયુના જલદ અને વિકાસ રનર અપ અને બીજા રનર અપ તરીકે ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટનાં સજાય અને પાર્થ ઘોષિત થયા હતા.

# આંતરિક મૂલ્યાંકન, તારું શું થશે ?





ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે જ્યારથી સત્રાંત પધ્ધતિ દાખલ થઈ છે ત્યારથી એના આશીર્વાદ કરતાં અભિશાપ વધારે મળતા રહ્યા છે. સત્રાંત પધ્ધતિ શરૂ થઈ તે આજ સુધી સંતોષકારક રીતે એનાં પરિણામો મળ્યાં નથી અને એને કારણે સરવાળે અસર શિક્ષણ ઉપર પડતી હોય છે. પણ શિક્ષણ ભોગ બનતું હોય તો પણ હવે પડી છે કોને ? અહીં તો નિર્ણય લેવાયો કે એના આંધળા અમલીકરણ પાછળ દોડવાનું હોય છે. વિપરીત પરિણામો આવે તો પણ બસ આંધળું અમલીકરણ કર્યે રાખવાનું હોય છે. સત્રાંત પધ્ધતિને કારણે જે તે નિર્ણયકર્તાઓ પણ કંટાળ્યા હોય એવું લાગે છે અને આ પધ્ધતિ ત્વરિત દૂર થાય એવી લાગણી પણ હવે મોટાપાયે જોવા મળી રહી છે.

ગુજરાત યુનિવર્સિટીએ હાલમાં એક ઐતિહાસિક નિર્ણય એ લીધો કે આંતરિક મૂલ્યાંકનનો આંકડો જ કાઢી નાખ્યો. સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ જે આંતરિક મૂલ્યાંકન લેવામાં આવતી હતી એ પરીક્ષાઓ જ રદ કરી નાખી છે. સત્રાંત પધ્ધતિને કારણે વર્ષમાં બે વાર આંતરિક મૂલ્યાંકન અને બે સત્રાંત પરીક્ષાઓનું માળખું હાલ સુધી અમલમાં હતું. એટલે વર્ષમાં ચાર પરીક્ષાઓ લેવામાં આવતી હતી. એને કારણે આખું માળખું પરીક્ષાલક્ષી બની ગયું હતું, એની ના પાડી શકાય એમ નથી. અભ્યાસક્રમ માટે સમય ઓછો અને પરીક્ષાના આયોજન પાછળ વધારે સમય વ્યતીત થતો હતો, એ જ કાઢી નાખવું એ નિર્ણય પણ કેટલો યોગ્ય છે, એ વિશે પણ વિચારવું પડે.

આંતરિક મૂલ્યાંકન પ્રથા રદ કરવાને કારણે વર્ષમાં હવે માત્ર બે જ સત્રાંત પરીક્ષાઓનું ભારણ રહે છે. કોલેજોમાં અધ્યાપન કરાવતા અધ્યાપકો અને યુનિવર્સિટી ભવનોમાં અધ્યાપન કરાવતા અધ્યાપકોની કામગીરી પણ એને કારણે ઘટે છે. આ કામગીરી ઘટાડવા પાછળનો શુભાશય એ પણ હોઈ શકે કે એટલું અધ્યાપન પાછળ ધ્યાન આપવામાં આવે અને જે માળખું માત્ર પરીક્ષાલક્ષી બની ગયું હતું, એમાં થોડો સુધારો પણ આવે. સુધારો આવે અને ગુણવત્તાલક્ષી અધ્યાપન કાર્ય થાય એ આવકાર્ય બાબત જ છે પણ એવું થશે કે કેમ એ વિશે ભારોભાર શંકા છે. બીજી એક વાત એ પણ છે કે આંતરિક મૂલ્યાંકનનો એકડો ભલે કાઢી નાખ્યો પણ એના વિકલ્પે વિદ્યાર્થીએ પચીસ ગુણનું સ્વાધ્યાય કાર્ય કરવાનું રહેશે. અધ્યાપકો વિદ્યાર્થીઓને સ્વાધ્યાય કાર્ય માટેના પ્રશ્નો આપશે અને એ વિદ્યાર્થીઓએ પોતાની રીતે (એટલે કે મોટેભાગે તો ગાઈડના આધારે) તૈયાર કરવાનું રહેશે. આમાં જે વિદ્યાર્થી ખરેખર અભ્યાસ કરવા માગે છે અને સંદર્ભ ગ્રંથો ફંફોસવાની તૈયારી હોય છે એ બે-ત્રણ પુસ્તકો વાંચીને સ્વાધ્યાય કાર્ય તૈયાર કરશે પણ મોટાભાગના વિદ્યાર્થીઓ તો સીધો ઉતારો જ કરવામાં માહેર હોય છે. એટલે એવા વિદ્યાર્થીઓના સ્વાધ્યાયનું મૂલ્યાંકન અધ્યાપક કેવી રીતે કરશે અને એના ગુણ કેવી રીતે મૂકશે એ આખી ઘટના રહસ્યમય છે. સ્વાધ્યાય કાર્યમાં નાપાસ થવાની શક્યતા ખરી કે નહીં ? અથવા સ્વાધ્યાય કાર્યમાં પચીસમાંથી ઓછામાં ઓછા આટલા ગુણ આવવા જ જોઈએ, એવું કશું ફરજિયાત ખરું કે નહીં ? જો આવી કોઈ શક્યતા આ બાબતે ન હોય તો સ્વાધ્યાય કાર્ય બાબતે બહુ આશા રાખવી વ્યર્થ છે. કારણ કે વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકન પરીક્ષા ખંડમાં રહીને આપે છે અને સ્વાધ્યાય કાર્ય યદચ્છ વિહાર કરતો આપે છે. વિદ્યાર્થીની શીખવા અને વાંચવાની વૃત્તિ બાબતે કશું વિશેષ એમાં સિદ્ધ થઈ શકતું નથી. આંતરિક મૂલ્યાંકનમાં તો એક શક્યતા એ રહેતી હતી કે વિદ્યાર્થી પરીક્ષા કંડમાં લખવા માટે પણ થોડું ઘણું વાંચવાનો પ્રયત્ન કરતો હતો અને થોડું જાતે લખવાનો પ્રયત્ન કરતો હતો. આંતરિક મૂલ્યાંકન એક મહાવરો હતો પણ હવે એ મહાવરાનો એકડો કાઢી નાખવામાં આવ્યો છે ત્યારે શિક્ષણની બલિહારી જ સમજવી રહી!

